SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 4. રાજા કુમારપાલના જીવનમાં હેમચંદ્રાચાર્યનો પ્રભાવ

ડૉ.રઘુભાઇ કાનજીભાઇ પટેલ

આચાર્ય હેમચંદ્ર અને મહારાજા કુમારપાલ (ઇ.સ.૧૦૯૩-૧૨૩૦) સમકાલીન હતા. અને તેમની વચ્ચે ગુરુ શિષ્યનો સંબંધ હતો તે ઐતિહાસિક ઘટના છે. સોમપ્રભાચાર્ય દ્વારા રચિત 'કુમારપાલ પ્રતિબોધ' ગ્રંથમાં હેમચંદ્રના પૂર્વજીવન વિશેની માહિતી આપવામાં આવી છે. એમના ગુરુ દેવચંદ્રસૂરી હતા. તેઓ વિહાર કરતા કરતા ધંધુકા આવ્યા હતા. ત્યાં એક વણિકકુમાર નામે ચંગદેવ એના મામા નેમી સાથે એમની વંદના કરવા આવ્યા હતા. સૂરિનો ધર્મોપદેશ સાંભળીને તે વણિકકુમારે પોતાને દિક્ષા આપવા વિનંતિ કરી. પિતાએ દિક્ષા માટે અનુમતિ ન આપતાં ચંગદેવ મામાની અનુમતિ લઇને દેવચંદ્રસૂરી સાથે નીકળ્યો હતો. દેવચંદ્રસૂરી અને ચંગદેવ ખંભાત આવ્યા. ત્યાં ચંગદેવે દીક્ષા ગ્રહણ કરી. અને તેનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું. પછી દેવચંદ્રસૂરીએ એમને આચાર્યપદ આપ્યું અને એમનું નામ હેમચંદ્રાચાર્ય રાખવામાં આવ્યું. આચાર્ય હેમચંદ્રાચાર્ય લોકોપકાર કરવાની ભાવનાથી વિવિધ દેશમાં વિચરવા લાગ્યા. પરંતુ એકદિવસ દેવતાએ પ્રગટ થઇ આચાર્યને બીજા દેશમાં નહિ વિચરતાં, ગુજરાત પ્રદેશમાં વિચરવાથી આપના માટે વધુ ઉપકારક થશે તેમ જણાવતા, તેઓ ગુજરાતમાં વિચરતા વિચરતા પાટણ નગરમાં આવ્યા. અને તે સમયના રાજા સિદ્ધરાજ જયસિંહને જૈન ધર્મ પ્રત્યે અનુરક્ત કર્યો. તથા રાજાના કહેવાથી 'સિદ્ધહેમ શબ્દાનુશાશન ' નામે વ્યાકરણગ્રંથની રચના કરી, સિદ્ધરાજ પછી ગુજરાતની ગાદીએ આવેલા રાજા કુમારપાલે બાહડ મંત્રીને સત્ય ધર્મ જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરતાં એમણે આચાર્ય હેમચંદ્રને મળવા જણાવ્યું. આ સૂચનનો સ્વીકાર કરી કુમારપાલ હેમચંદ્રાચાર્યના દર્શન માટે ગયો. અને પછીથી તે દરરોજ આચાર્યની વંદના કરવા માટે જતો હતો. તે વખતે સત્ય ધર્મ વિશે પૃચ્છા કરતાં આચાર્ય હેમચંદ્રે રાજા કુમારપાળને ઉપદેશ આપવાની શરૂઆત કરી.

સૌપ્રથમ જીવદયા સ્વરૂપને સમજાવતાં 'અમરસિંહની કથા' અને દામન્નકની કથા' સંભળાવી. ત્યારબાદ અભયદાનનું મહત્વ સમજાવવા માટે 'અભયસિંહની કથા' કહી સંભળાવી. તેનાથી પ્રભાવિત થઇ રાજા કુમારપાળે માંસ નહિ ખાવા, શિકાર નહિ કરવા, તથા જીવદયા પાળવાનો નિયમ કર્યો. દેવતા સમક્ષ પશુહિંસા ન કરવા તથા અન્ય લોકોને પણ હિંસા કરતા અટકાવવાનો નિર્ણય કર્યો. આચાર્ય હેમચંદ્રે જુગાર વ્યસનથી થતી દુર્દશાનો ચિતાર રજૂ કરી 'નલરાજાની કથા' કહી. આ સાંભળી રાજાએ જુગાર ન રમવાનો નિર્ણય કર્યો તથા પોતાના રાજ્યમાં પણ જુગાર રમવા પર પ્રતિબંધ ફરમાવ્યો. આચાર્યે પરદારાત્યાગ પર 'પ્રદ્યોતરાજાની કથા' સંભળાવી. આ સાંભળીને રાજા કુમારપાલે જણાવ્યું કે પોતે પરદારાત્યાગ કરેલ છે, પણ પોતાના રાજ્યમાં પણ તેનો ચોક્કસ અમલ કરશે. ત્યારબાદ આચાર્ય હેમચંદ્રે વેશ્યા વ્યસનનો ત્યાગ કરવા માટે 'અશોકની કથા' સંભળાવતાં રાજાએ સમગ્ર રાજ્યમાં વેશ્યા-ત્યાગનો નિયમ જાહેર કર્યો.

મદિરાપાન સમસ્ત દોષોના સ્થાનરૂપ છે, એમ જણાવી આચાર્યે મદિરાપાનમાં સદા આસક્ત બનેલા 'યાદવોની કથા' સંભળાવી. જે સાંભળી રાજાએ પોતાના રાજ્યમાં મદિરાપાનની પ્રવૃત્તિ બંધ કરાવી. આચાર્ય હેમચંદ્રે રાજા કુમારપાળને ચોરીના વ્યસનથી થતા અનર્થને વર્ણવતી 'વરુણ રાજાની કથા' કહી. જેથી રાજાએ અદત્ત પારકું ધન ક્યારેય ન લેવાનો નિર્ણય કર્યો. જેના સંદર્ભે રુદન કરતી અપુત્રવતી વિધવા સ્ત્રીનું ધન ન લેવાનો નિયમ બનાવ્યો. પુર્વના રાજાઓમાં રઘુ, નહુષ, નાભાગ અને ભરત વગેરે અપુત્રવતી સ્ત્રીનું ધન હરી લેતા હતા. આચાર્ય હેમચંદ્રે રાજા કુમારપાળને દેવપૂજા કરનાર પાપ રહિત થઇને કલ્યાણ પ્રાપ્ત કરે છે તે હેતુની સિદ્ધિ માટે 'દેવપાલની કથા', 'સોમ અને ભીમની કથા', 'પદ્મોતરાજાની કથા' જણાવે છે. ત્યાર બાદ દેવપૂજા અંગેના ઉપદેશથી કુમારપાલે વિહાર ચૈત્ય બનાવ્યું તથા ત્રિભુવનવિહાર જિનપ્રસાદ બંધાવી તેમાં નેમિનાથ ભગવાન વગેરે તીર્થંકરોની નીલરત્ન મૂર્તિઓ સ્થાપિત કરાવી.

આચાર્ય હેમચંદ્રે ગુરૂ સ્વરુપ સમજાવવા માટે 'પ્રદેશી રાજાની કથા' , 'લક્ષ્મીની કથા', કુલવાલની કથા', સંપ્રતિ રાજાની કથા' કહી રાજાને ગુરુ સેવાનું મહત્વ સમજાવ્યું. સંપ્રતિ રાજાની કથા સાંભળીને કુમારપાલે તે જ પ્રમાણે જિન-રથયાત્રા શરૂ કરી. ચૈત્ર મહિનાની પૂર્ણિમાના ચોથા પ્રહરે રવિ-રથની જેમ દિશાઓને પ્રકાશતો જિન-રથ નીકળ્યો. તેમાં મહાજને કુમારવિહારના દ્વાર આગળ સ્નાન કરીને વિલેપન કરેલ તથા વિવિધ પુષ્પોથી પૂજેલ શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાની વિધિપૂર્વક સ્થાપના કરી. વાજિંત્રોના નાદથી ભુવનને ભરતો તથા સામંત અને મંત્રીઓ સહિત તે રથ , રમણીય રમણીઓના ત્વરિત નૃત્ય સાથે રાજભવન પાસે આવ્યો. ત્યારે રાજા કુમારપાળે પટ્ટાંશુક તેમજ

કનકના નાટકો કરાવ્યા. ત્યાં રાત્રિ ભર રહી તે રથ રાજભવનના દ્વાર થકી બહાર નીકળી ગયો. પછી ધ્વજસમૂહથી શણગારેલા પટમંડપમાં ઊભો રહ્યો. ત્યાં પ્રભાતે રાજાએ રથમાં રહેલ જિનપ્રતિમાની પૂજા કરી ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ આરતી ઉતારી. આઠ દિવસ સુધી રાજા કુમારપાલે રથયાત્રા પ્રવર્તાવી. તેમજ  આસો મહિનામાં પણ રથયાત્રા કરાવી. માંડલિક રાજાઓને પણ પોતે પોતાના નગરમાં પણ રથયાત્રા કાઢવાનું સૂચન કરી, રથયાત્રા કરાવી.

આ પછી કુમારપાલે ચતુર્વિધ સંઘ તથા આચાર્ય હેમચંદ્ર સહિત શત્રુંજય અને ગિરનાર પર્વતની યાત્રા કરી. કુમારપાલ પોતે ગિરનાર પર્વત પર સુગમ રસ્તો ન હોવાથી ચઢ્યો નહિ. એ પછી રાજાએ આમ્રભટ્ટને સોરઠનો અધિપતિ બનાવી ગિરનાર પર સુગમમાર્ગ બનાવવાનો આદેશ કર્યો. ત્યારબાદ આચાર્યે રાજાને દાનનો મહિમા સમજાવતાં 'ચંદનબાલાની કથા', 'ધન્યની કથા', 'કુરુચંદ્રની કથા', તથા 'કૃતપુણ્યની કથા' કહી. આ સાંભળી કુમારપાલે હેમચંદ્રાચાર્યને પોતાની પાસેથી અશન,પાન,વસ્ત્ર, પાત્રાદિની ભિક્ષા ગ્રહણ કરવા કહ્યું. પરંતુ આચાર્યે એ રાજપિંડ હોવાથી સાધુઓને ખપે નહિ, એમ કહી તે સંદર્ભે 'રાજા ભરત ચક્રવતીની કથા' સંભળાવી. આ સાંભળી કુમારપાલે કણ-કઠોર તથા ધૃત-ગૃહયુક્ત અને મોટા ભોજન-ગૃહવાળી દાનશાળા બનાવડાવી. આચાર્ય હેમચંદ્રે શીલનો મહિમા વર્ણવતાં કહ્યું કે જીવદયા કરવા ઇચ્છતા મનુષ્યે શીલ પાળવું જોઇએ. શીલ પાળનારની કીર્તિ વિસ્તાર પામે છે, એના ઉદાહરણરૂપે 'શીલવતીની કથા', 'મૃગાવતીની કથા','તારાની કથા','જયસુંદરીની કથા' કહી સંભળાવી. શીલ અંગેની કથાઓ સાંભળી રાજા કુમારપાળે આઠમ અને ચૌદસના દિવસે મન, વચન અને કાયાથી બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી. તપનો મહિમા વર્ણવતાં આચાર્યે 'રુકમણીની કથા', 'શાંબ અને પ્રદ્યુમ્ન કથા', ''ધર્મયશ મુનિની કથા', તથા 'વિષ્ણુકુમારની કથા' જણાવી. આ સાંભળી કુમારપાલે આઠમ, ચૌદશ અને ભગવાનના કલ્યાણના દિવસે યથાશક્તિ તપ કરવાનો નિર્ણય કર્યો. આ પછી આચાર્યે શિક્ષાવ્રતોનું મહત્વ સમજાવતાં 'સાગરચંદ્રની કથા', 'પવનજયની કથા', 'રણસૂરની કથા' તથા નરદેવની કથા કહી. આ સાંભળી કુમારપાલે બારવ્રત પાળવામાં પૃથ્વીપતિને યોગ્ય પ્રયત્ન કરવાનું કહ્યું. આ પછી આચાર્ય હેમચંદ્રે જીવદયા પાળવાની અભિલાષા કરનારે ક્રોધ,માયા,અને લોભ વગેરે કષાયો પાળવા જોઇએ એમ કહી ઉપર મુજબ એક એક કથા કહી. આમ આચાર્યનો બોધ પામીને રાજા કુમારપાલ જૈન ધર્મના સમસ્ત તત્વને જાણીને જૈન ધર્મમાં પારાયણ થયો.

પ્રસ્તુત લેખમાં આચાર્ય હેમચંદ્રાચાર્યે રાજા કુમારપાલને જૈન ધર્મનો પ્રતિબોધ પમાડવા માટે જૈન ધર્મના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનારી અથવા વિવેચન કરનારી અનેક લોકપ્રચલિત દૃષ્ટાંતકથાઓ તેમજ કિંવદંતિઓનો સમાવેશ કર્યો છે. આવી, અનેક કથાઓ, કથાપ્રકૃતિઓ અને કથા-ઘટકોની સાથે સમાનતા ધરાવતી કથાસામગ્રી પ્રાચીન –મધ્યકાલીન, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન ગુજરાતી-રાજસ્થાની કથાસાહિત્યમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. તેનો સર્વાંગી તુલનાત્મક અભ્યાસ કરવો તે એક મહાનિબંધનો વિષય છે. અનેક સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, વગેરે કથાસંગ્રહમાં પ્રાપ્ત થતી કથાઓમાં – આર્યખપુટાચાર્ય કથા, ઇલાપુત્ર કથા, કુલવાલ કથા, કૃતપુણ્ય કથા, ચંદનબાલા કથા, જયવર્મ-વિજયવર્મ કથા, દશાર્ણ ભદ્ર કથા, નંદન કથા, નળ રાજાની કથા, પ્રદ્યોત કથા, પ્રદેશી રાજા કથા, પ્રસન્નચંદ્ર કથા, પવનજય કથા, પુરંદર કથા, ભરતચક્રી કથા, રુકમણી કથા, મૃગાવતી કથા, મૂળદેવની કથા, વિક્રમાદિત્ય કથા, શીલવતી કથા, સાગરચંદ્ર કથા, સાગર કથા, શિવકુમાર કથા, સ્થૂલિભદ્ર કથા, વગેરે કથાઓ કુમારપાલ પ્રતિબોધમાં પણ જોવા મળે છે.

આ કથાઓ પ્રાચીન- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં  થોડા પરિવર્તન કે રૂપાંતર સાથે રાસ, ચોપાઇ, ચરિત્ર, પ્રબંધ, વગેરે સ્વરૂપે પ્રાપ્ત થાય છે. જે સંસ્કૃતાદિ કથાસાહિત્યનો પ્રાચીન ગુજરાતી સાહિત્ય પર પડેલા પ્રભાવનું દ્યોતક છે.

સંદર્ભગ્રંથો :

૧. કુમારપાલ પ્રતિબોધ, ગાયકવાડ ઓરીએન્ટલ સિરીઝ, સંપાદક- મુનિ જિનવિજય
૨.પ્રબંધ ચિંતામણિ, ફાર્બસ ગુ.સભા
૩.ધ લાઇફ ઓફ હેમચંદ્રાચાર્ય – બ્યુલહર
૪.હેમસમીક્ષા – મધુસૂદન મોદી
૫.હેમચંદ્રસૂરિ – સંપાદક, મુનિ શીલચંદ્રવિજય
૬.હેમસંગોષ્ઠિ -   સંપાદક, મુનિ શીલચંદ્રવિજય
૭.શ્રી હેમચંદ્રાચાર્ય- ધૂમકેતુ, ગુર્જર પ્રકાશન- અમદાવાદ.